શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૩ અંક : ૧૨
ડિસેમ્બર : ૨૦૨૧

અમદાવાદ ગુરુકુલ ખાતે દાડમનો ફલકૂટ ધરતા શ્રી ઘનશ્યામ મહારાજ

રીબડા-રાજકોટ ખાતે યોજાયેલ શ્રીઘનશ્યામ મહારાજના દ્વિતીય પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટનાં દર્શન ભગવાનના પ્રસાદ સ્વરૂપ અન્નકૂટ તથા દાડમના ફલકૂટનું અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ તથા દરિદ્રનારાયણને વિતરણ કરવામાં આવ્યું હતું.

હરિનગર-વડોદરા ખાતે પૂજ્ય સ્વામીજીના વ્યાસાસને યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથામાં ઉપસ્થિત આચાર્ય મહારાજશ્રી તથા મંદિરના કોઠારી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત વડતાલ દેશના સંતોનું સ્નેહમિલન તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય નિત્યસ્વરૂપદાસજી સ્વામી તથા ધામધામના સંતો

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૩, ડિસેમ્બર : ૨૦૨૧, અંક : ૧૨

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ પદ્મવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૬૧/૬૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' ૬૨ મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો તકકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

બાનાની પત રાખો રાજ...

બાનાની પત રાખો રાજ,
બાનાની પત રાખો;
ગુના અમારા લાખો રાજ...બાનાની–ટેક૦

ગિરિ શિખર પર ટિટોડી બેઠી,
ગાતી ગોવરધનધારી;
એક સમે તેને તૃષા લાગી,
પાયું ચિહ્નલવર વારિ..રાજ૦ ૧

કૌરવ સભામાં દ્રૌપદી કેરાં
પટકુળ પૂર્યાં મુરારિ;
લાક્ષા ગૃહથી પાંડવ પાંચે,
લીધા લાલ ઉગારી...રાજ૦ ૨

પારાધિ-બાણથી હોલી ઉગારી,
ગજની વા'રે ધાયા;
માંજારીનાં બચ્ચા બચાવ્યાં,
કુબજાના નાથ કહેવાયા...રાજ૦ ૩

સીતાને સારુ તમે સેતુ બાંધી,
રાવણને જઈ માર્યો;
શબરીના તમે બોર આરોગ્યાં,
પ્રહ્લાદ ભક્ત ઉગાર્યો...રાજ૦ ૪

સુધન્વાની તમે સહાય કરીને,
ઉગાર્યો છે ચંદ્રહાસ;
એ રીતે પ્રભુ અમને ઉગારો,
કહે છે નારણદાસ...રાજ૦

વચનામૃતની વ્યાસપીઠ

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રીસ્વામિનારાયણે કોઈ અલૌકિક દિવ્ય 'બ્રાહ્મી' વ્યાસપીઠેથી આ વચનામૃત રૂપી બ્રહ્મરસ વરસાવ્યો છે.

ભારતીય સંસ્કૃતિમાં વ્યાસપીઠનું ભારે મહત્ત્વ છે. આજના યુગમાં સુંદર રીતે શણગારેલા સભા-મંડપોમાં વ્યાસપીઠો મંડાય છે.

મહાભારતમાં ભીષ્મદાદાની વ્યાસપીઠ પોચી પોચી અને મખમલિયા નહોતી. એમણે બાણશૈયાની વ્યાસપીઠ ઉપરથી શાંતિપર્વનો ઉપદેશ કર્યો હતો.

શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં ગાન વખતે ભગવાન શ્રીકૃષ્ણની વ્યાસપીઠ ધર્મક્ષેત્ર, કુરુક્ષેત્રનાં મેદાનમાં બે સેનાઓની વચ્ચે રથની ધોંસરી ઉપર મંડાયેલી હતી.

શુકદેવજી મહારાજે જ્યારે ભાગવતજીની કથા પરીક્ષિત રાજાને સંભળાવી ત્યારે એમની વ્યાસપીઠ શુકતાલ તીર્થમાં ગંગાજીને કિનારે વડલાનાં વૃક્ષ નીચે હતી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ ગઢપુર દાદા ખાચરના દરબારમાં લીલુડા લીમડાંની નીચે બિરાજમાન થઈને વચનામૃતો વરસાવી રહ્યા છે. ક્યારેક સારંગપુર વગેરે વિવિધ ધામોમાં વિરાજમાન થઈ વચનામૃતો વરસાવે છે.

એક દૃષ્ટિએ જોઈએ તો આ બધી વ્યાસપીઠો બાહ્ય છે. એક વ્યાસપીઠ વક્તાની ભીતર હોય છે.

ભગવાન શ્રીકૃષ્ણ માત્ર અર્જુનના જ સારથિ નથી, જીવ-પ્રાણીમાત્રના જીવનરથની લગામ એમના હાથમાં છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વનિયંતાની ભૂમિકાએથી ગીતાજીનો ઉપદેશ આપે છે.

દાદા ભીષ્મ ચિત્તની વિશુદ્ધ ભૂમિકાએથી ઉપદેશ કરે છે. મોટે ભાગે વક્તાઓ, પંડિતો, પુરાણીઓ દેહાભિમાનની ભૂમિકાએથી બોલતા હોય છે, જ્યારે શુકદેવજી મહારાજ દેહાતીત ભૂમિકાએથી ભાગવતજીની કથાનું રસપાન કરાવે છે.

એ જ રીતે બ્રાહ્મદૃષ્ટિએ તો ભગવાન શ્રીસ્વામિનારાયણ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન છે, પરંતુ આંતરદૃષ્ટિએ જોઈએ તો તેઓ અક્ષરધામની 'બ્રાહ્મી' ભૂમિકાએથી વચનામૃતો વરસાવી રહ્યા છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વયં કહે છે, "મારાં હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે."

"અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી કાંઈ દેખાતું નથી." (વચ.ગ.મ.-૧૩)

ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે કોઈને પત્ર લખતા, ત્યારે પત્રની શરૂઆતમાં 'અનિર્દેશથી લિખાવિતં સ્વામી સહજાનંદજીના જય સચ્ચિદાનંદ વાંચજો' આમ લખતા.

અહીં 'અનિર્દેશ' શબ્દ મહત્ત્વનો છે.

જે પદાર્થ ઇન્દ્રિયો-અંતઃકરણથી અનુભવી શકાય એનો નિર્દેશ થઈ શકે, પરંતુ જે પદાર્થ ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે, એનો નિર્દેશ થઈ શકતો નથી. માટે આવા ઇન્દ્રિયાતીત પદાર્થને 'અનિર્દેશ' કહેવાય.

પંચભૂતના પદાર્થોનો નિર્દેશ થઈ શકે છે, પરંતુ પરમાત્માનું દિવ્ય અક્ષરધામ ઇન્દ્રિયાતીત છે. એને આંગળી ચીંધીને દર્શાવી શકાતું નથી, માટે એ અનિર્દેશ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ મનુષ્યદેહે વિચરણ કરતાં હોવા છતાંય અખંડ 'અનિર્દેશ'માં જ બિરાજમાન રહેતા. એમનું ખાવું, પીવું, ઊઠવું, બેસવું, બોલવું, ચાલવું વગેરે સર્વ ક્રિયાઓ મનુષ્યની જેમ જ થયા કરતી, પરંતુ તેઓ અખંડ બ્રાહ્મી સ્થિતિએ જ બિરાજમાન રહેતા. માટે આ વચનામૃતો અનિર્દેશથી વરસ્યાં છે.

મંગલાચરણાત્મક વચનામૃતો

ગ્રંથરચના પ્રસંગે મંગલાચરણ કરવાની ગ્રંથકારોની પરંપરા રહી છે. ગ્રંથના આદિ, મધ્ય અને અંતમાં મંગલાચરણ કરવામાં આવે છે.

માળામાં દોરો પરોવાય એમ આ મંગલાચરણ ગ્રંથની વિષયવસ્તુને ગૂંથનારું હોય છે.

મોટા સદ્‌ગુરુ સંતોએ ગ.પ્ર.૧ વચનામૃતને આદિ મંગલાચરણ માન્યું છે.

ગ.મ. ૧૩ વચનામૃતને મધ્ય મંગલાચરણ ગણ્યું છે અને ગ.અં. ૩૯ વચનામૃત અંતભાગનું મંગલાચરણ છે.

ગ.પ્ર.૧ વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવાની વાત કરી છે.

ગ.મ.-૧૩ મું વચનામૃત મધ્ય મંગલાચરણ રૂપ છે. આ વચનામૃતમાં ભગવાન કોણ છે ? અને કેવા છે ? એનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે.

અક્ષરબ્રહ્માત્મક તેજને વિશે એક ભગવાનની મૂર્તિ વિરાજમાન છે. એ મૂર્તિ અતિ પ્રકાશમય છે. ઘનશ્યામ છે, પણ તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે. એ મૂર્તિ દ્વિભુજ છે, એ મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે. એ મૂર્તિને ચારેકોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે અને એ સર્વે મુક્ત એક નજરે ભગવાનની મૂર્તિ સામે જોઈ રહ્યા છે...એ અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન છે એ જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પુરુષોત્તમમાં લીન થાય છે...(વચ.ગ.મ.-૧૩)

ભગવાનનું આ પર સ્વરૂપ છે. પર સ્વરૂપનું ધ્યાન દુષ્કર છે. એ જ પર સ્વરૂપ જ્યારે અવતાર ધરે છે, ત્યારે ધ્યાન સુકર બને છે એટલે આ જ વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ આગળ કહે છે,

"જે તેજને વિષે મૂર્તિ છે, તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો." (વચ.ગ.મ.-૧૩)

વચ.ગ.અં.-૩૯મું વચનામૃત ગ્રંથના અંત ભાગનું મંગલાચરણ છે. આ વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિમાં મનની અખંડ વૃત્તિનો વેગ કેવો તીવ્ર હોય ? એનું નિરૂપણ કર્યું છે.

વચનામૃતનો અભ્યાસ કરતા એમ લાગે છે કે જેમ અનંત આકાશગંગાઓ મેરુની આસપાસ ઘૂમે એમ વચનામૃતો કોઈને કોઈ પ્રકારે ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિનાં કેન્દ્રની આસપાસ ઘૂમી રહ્યા છે.

પ્રત્યેક વચનામૃતના આરંભે મૂર્તિનું વર્ણન

વચનામૃતની લેખનશૈલી અદ્‌ભુત છે. દરેક વચનામૃતના આરંભે મહાન સદ્‌ગુરુ સંતોએ શ્રીજી મહારાજ કયા ગામમાં બિરાજમાન હતા ? કયાં મુખે બિરાજમાન હતા ? કેવાં વસ્ત્રો પહેર્યા હતાં ? કયું વર્ષ હતું ?

કયો માસ હતો ? કયો દિવસ હતો ? તેનું આંખે-દેખ્યા અહેવાલની પેઠે તાદૃશ્ય નિરુપણ કરેલું છે. વચનામૃત ગ્રંથની આ આગવી વિશિષ્ટતા છે.

એક તો આ વર્ષ , તિથિ, વારના ઉલ્લેખથી વચનામૃતો પ્રમાણભૂત 'દસ્તાવેજ' છે એવું પુરવાર થાય છે, બીજું આ વર્ણનની પાછળ એક મહત્વનું કારણ છે...

આધ્યાત્મિક સાધનાનું લક્ષ્ય પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. તમામ સાધનામાર્ગ આખરે ભગવાન પુરુષોત્તમ નારાયણનાં ચરણમાં વિરામ પામે છે. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે...

वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः ।
वासुदेवपरा योगा वासुदेवपराः क्रियाः ॥

(ભાગ.-૧-૨-૨૮)

वासुदेवपरं ज्ञानं वासुदेवपरं तपः ।
वासुदेवपरो धर्मो वासुदेवपरा गतिः ॥

(ભાગ.-૧-૨-૨૯)

વેદાદિક સર્વ શાસ્ત્રો, સર્વ યજ્ઞો, સર્વ યોગસાધનાઓ, સર્વ વૈદિક વિધિઓ, સર્વ પ્રકારનું જ્ઞાન, તપ અને ધર્મ આ સર્વ આખરે ભગવાન શ્રી વાસુદેવનારાયણનાં ચરણોમાં વિરામ પામે છે.

ભગવાન શ્રી સ્વામિનારાણ વચનામૃતમાં આ જ વાતને

અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર

ધનુર્માસ-માઘસ્નાન

- સાધુ યજ્ઞવલ્લભદાસ

શાસ્ત્રમાં માગશર માસને શ્રેષ્ઠ માસ તરીકે ગણાવ્યો છે. ગીતામાં ભગવાને માગશર માસને પોતાનું સ્વરૂપ ગણાવ્યું છે. માગસર માસના અરસામાં ધનુર્માસ પણ આવે છે અને તેનો મહિમા પણ ઘણો મોટો છે.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અને બલરામજી સાંદીપનિ મુનિના આશ્રમમાં આ માસમાં ધનુર્વિદ્યા શીખવા ગયેલા, માટે આ મહિના દરમિયાન મંદિરોમાં ભગવાન સન્મુખ શાસ્ત્રો મૂકવાની પ્રથા છે અને ભગવાન વહેલી સવારે વિદ્યાભ્યાસ કરવા જાય છે એવી ભાવના છે.

સૂર્ય ગુરુની રાશિ ધનુમાં પ્રવેશ કરે છે, ત્યારે ધનુર્માસનો પ્રારંભ થાય છે. ધનુર્માસને ખરમાસ, મલમાસ અથવા તો કમૂરહતા પણ કહેવાય છે. સૂર્યની એક સંક્રાંતિથી બીજી સંક્રાંતિ સુધીના સમયને સૌરમાસ કહેવામાં આવે છે. એક રાશિમાં સૂર્ય આશરે એક માસ સુધી રહે છે. સૂર્યના ધનુ રાશિમાં ગોચરભ્રમણના એક માસ સુધીના સમયને ધનુર્માસ કહેવાય છે.

ધનુર્માસ દરમિયાન શુભ કે માંગલિક કાર્યો નિષેધ માનવામાં આવ્યાં છે. ત્યાર પછી સૂર્ય જ્યારે મકર રાશિમાં પ્રવેશ કરે, ત્યારબાદ જ માંગલિક કાર્યોની શરૂઆત થાય.

ધનુર્માસ એટલે કે કમુહૂર્તા સાંસારિક બાબતો માટે પ્રતિકૂળ ગણવામાં આવ્યો છે. આ સમય દરમિયાન ભગવાનની ભક્તિ, વ્રત અને દાનને શ્રેષ્ઠ માનવામાં આવે છે.

ધનુર્માસને મલિન માસ પણ કહેવાય છે. આ માસ દરમિયાન વ્યક્તિગત સંસ્કાર જેવાં કે નામકરણ, યજ્ઞોપવિત, વિવાહ તથા સામાન્ય ધાર્મિક સંસ્કાર જેવાં કે ગૃહપ્રવેશ વગેરે સામાન્ય રીતે કરવામાં આવતાં નથી. ધનુર્માસ સાધના, ઉપાસના, તીર્થાટનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ ગણાય છે.

ધનુર્માસમાં દાનનું વિશેષ મહત્વ છે. આ માસમાં ભગવાન વિષ્ણુની ઉપાસના પણ કરવામાં આવે છે. મનુષ્યનું મન વિચલિત ન થાય અને એકાગ્રતાથી ભગવાનની ઉપાસના થાય તેવા હેતુથી સગાઈ, લગ્ન વગેરે શુભ-માંગલિક કાર્યોને વિરામ આપવામાં આવે છે.

ધનુર્માસ મધ્ય માર્ગશીર્ષથી શરૂ થઈને મધ્ય પૌષમાં સમાપ્ત થાય છે. માર્ગશીર્ષ માસને સ્વયં ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે મહિનાઓમાં હું માર્ગશીર્ષ છું. આથી આ માસમાં ભગવાન શ્રીવિષ્ણુ અને તેમના અવતારોનું પૂજન વિશેષ મહત્વ ધરાવે છે.

જ્યારે સૂર્ય કર્ક રેખાથી ઉત્તર તરફ આગળ વધે છે અને મકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે ઉત્તરાયણ થાય છે. એથી વિપરિત દક્ષિણાયન હોય છે. આ માસ ધનુર્માસ, ચાપમાસ, કોદંડા માસ, કાર્મુકા માસ અને શૂન્ય માસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ધનુર્માસની પૌરાણિક કથા એવી છે કે, ભગવાન સૂર્યદેવ પોતાના રથને સાત અશ્વ જોડીને, રથ પર સવાર થઈને નિરંતર બ્રહ્માંડની પરિક્રમા કરી રહ્યા છે. પરિક્રમા દરમિયાન તેમને રસ્તામાં ક્યાંય પણ રોકાવાની કે અટકવાની મંજૂરી નથી. એમની પરિક્રમા નિરંતર ચાલતી જ રહે છે. જો તેઓ અટકે તો સૃષ્ટિ ઉપરનું જનજીવન ખોરવાઈ જવાની પૂર્ણ દહેશત છે.

એક દિવસની વાત છે. સૂર્યદેવ રથ સાથે જોડેલા ઘોડા સતત ચાલવાને લીધે તેમજ ભૂખ અને તરસના માર્યા અત્યંત થાકી ગયા. લોથપોથ થયેલા ઘોડાઓને જોઈને સૂર્યદેવનું મન દ્રવિત થઈ ગયું. ભગવાન સૂર્યદેવ ઘોડાઓને થોડો વિશ્રામ મળે એવા હેતુથી એક તળાવના કિનારે લઈ ગયા, પરંતુ ત્યારે તેમને આભાસ થયો કે જો રથ રોકાયો તો અનર્થ થઈ જશે.

તેવામાં સૂર્યદેવની નજર તળાવના કિનારે બે ગર્દભ ઊભા હતા તેના ઉપર ગઈ. ભગવાન સૂર્યદેવે ઘોડાઓને પાણી પીવાં તેમજ વિશ્રામ કરવા છોડી દીધા અને ખર એટલે કે ગર્દભોને પોતાના રથ સાથે જોડી દીધા. રથની ગતિ ધીમી પડી ગઈ અને સૂર્યદેવનું તેજ ઝાંખું પડ્યું. પરંતુ જેમ-તેમ કરીને એક માસનું ચક્ર પૂર્ણ થયું. ત્યાં સુધીમાં

ઘોડાઓને પણ વિશ્રામ મળી ગયો હતો. આ રીતે આ ક્રમ ચાલતો રહે છે. ખરમાસ અંગ્રેજી કેલેન્ડર અનુસાર ૧૫ ડિસેમ્બરની આસપાસ સૂર્યદેવના ધનુ રાશિમાં ગોચરભ્રમણ સાથે શરૂ થાય છે અને ૧૪ જાન્યુઆરીના મકર રાશિમાં ભ્રમણ સુધી રહે છે.

ખરનો એક અર્થ દુષ્ટ પણ થાય છે. આથી આ માસને દુષ્ટમાસ પણ કહી શકાય. આ માસમાં સૂર્યદેવ અત્યંત ક્ષીણ થઈ જાય છે. માર્ગશીર્ષ અને પોષનો સંધિકાળ ખરમાસને જન્મ આપે છે. માર્ગશીર્ષ માસનું બીજું નામ અર્કગ્રહણ પણ છે.

આ માસમાં સૂર્યના કિરણો નિર્બળ પડે છે અને ધનુ રાશિમાં પ્રવેશ સાથે જ રાશિ સ્વામી ગુરુનું તેજ પણ પ્રભાવવિહીન રહે છે. આ સાથે ગુરુના સ્વભાવમાં પણ ઉગ્રતા આવી જાય છે. ગુરુના સ્વભાવને ઉગ્ર કરનાર આ માસને એટલે જ ખરમાસ-દુષ્ટમાસથી ઓળખવામાં આવે છે.

દેવગુરુ બૃહસ્પતિનો ઉગ્ર સ્વભાવ તેમજ સૂર્યના ધનુ રાશિમાં ગોચરભ્રમણના સંયોગને લીધે માંગલિક કાર્યો નિષેધ કહ્યાં છે. આ દિવસોમાં સૂર્યના રથની સાથે અંશુ તથા ભગ નામક બે આદિત્ય, કશ્યપ અને કતુ નામક બે ઋષિ, મહાપદ્મ અને કર્કોટક નામક બે નાગ, ચિત્રાંગદ તથા અરણાયુ નામક બે ગાંધર્વ, સહા તથા સહસ્યા નામક બે અપ્સરાઓ, તાર્ક્ષ્ય તથા અરિષ્ટનેમિ નામક બે યક્ષ અને આપ તથા વાત નામક બે રાક્ષસ ચાલે છે.

વળી આ માસ દરમિયાન આવતાં માઘસ્નાનનો પણ ઘણો મોટો મહિમા છે. પોષ માસની પૂનમથી મકરરાશિમાં સૂર્ય પ્રવેશે ત્યાં સુધીના ત્રીસ દિવસનો પવિત્ર કાળ માઘસ્નાન માટે યોગ્ય ગણ્યો છે. શ્રીજી મહારાજે સત્સંગિજીવનના ચોથા પ્રકરણના અઢારમા અધ્યાયમાં માઘસ્નાનનો વિધિ બતાવ્યો છે.

અરૂણોદયથી પ્રાતઃકાળ સુધીનો સમય માઘસ્નાન માટે પુણ્યદાયક ગણ્યો છે, પરંતુ તેમાં આકાશમાં તારા હોય ત્યારે જે સ્નાન થાય તે ઉત્તમ સ્નાન છે. તારાઓ દેખાતા બંધ થાય પછી જે સ્નાન કરવું તેને મધ્યમ ગણ્યું છે અને સૂર્યોદય થયા પછીનું સ્નાન કનિષ્ઠ સ્નાન છે.

આ માસમાં શક્ય હોય તો સમુદ્રમાં, નહીં તો સમુદ્રને મળતી નદીઓમાં, અન્ય નદી કે જળાશયમાં પ્રભુનું સ્મરણ કરતાં કરતાં સ્નાન કરવું જોઈએ. સ્નાન પછી ભીને વસ્ત્રે જ ઘરે કે દેવમંદિરે જઈ ભગવાનને દંડવત-પ્રદક્ષિણા કરે તેને પગલે પગલે અશ્વમેધના યજ્ઞનું ફળ મળે છે.

જે ઠેકાણે નદી-તળાવાદિક જળાશય ન હોય, ત્યાં માટીના નવાં કોરાં ઘડાં કે માટલામાં રાત્રિએ પાણી ભરી તેને ખુલ્લાં સ્થળમાં ઉઘાડા મૂકી રાખવા. સવારે ઠંડા થઈ ગયેલાં તે જળથી ભગવાનને સંભારી જો સ્નાન કરવામાં આવે, તો તે સ્નાન ગંગાજળનાં સ્નાન સમાન પવિત્ર ગણ્યું છે. ગુરુકુલમાં વિદ્યાર્થીઓ દ્વારા થતું માટલાં-સ્નાન જોનારને દર્શનીય અને પ્રેરક હોય છે.

तन्नास्ति पातकं लोके यन्न स्नानात् विनश्यति।

मासोपवासादधिकं माघस्नानं मुने ! ध्रुवम् ॥

સત્સંગિજીવનઃ ૪-૧૮-૨૦

'જગતમાં એવું કોઈ પાપ નથી કે જે માઘસ્નાન કરવાથી નાશ ન પામે.' અર્થાત્ માઘસ્નાનથી તમામ પાપોનો નાશ થાય છે. તેથી આ વ્રતને એક માસના ઉપવાસ-વ્રત થકી પણ અધિક ફળ આપનારું માન્યું છે.

સેવકરામ

- કીર્તિભાઈ પી. ધોળકિયા, ભાવનગર

રામના સેવક નહીં પણ જેના સેવક રામ છે તેવા સેવકરામ. કમ ઊંધો થઈ ગયો ! ભગવાનની સેવા ભક્તે કરવી જોઈએ, તેને બદલે ભગવાને ભક્તની સેવા કરી. ભક્તની સેવા હોય તો તો બરાબર છે કે પ્રભુ ભક્તિને આધીન છે તેથી તેની સેવા કરે, પણ સેવકરામ તો કેવળ સ્વાર્થી-લાલચુ અને કૃતઘ્ની હતો. મહારાજ તો અંતર્યામી હતા. તેઓ પહેલેથી જ જાણતા હતા કે, આ જીવ કેવો છે ? સેવા કર્યા પછી મહારાજને ખબર પડી એવું નથી. પહેલેથી જ મહારાજને આ જીવની પ્રકૃતિની ખબર હતી કે આ તો લોભી છે, છતાં એક સાધુના વેશમાં જીવ છે, તો સાધુની સેવા કરી, નહીં કે સેવકરામની સેવા કરી.

આ ચરિત્ર દ્વારા મહારાજે બતાવ્યું છે કે, સાધુ ભલે ગમે તેવો હોય, પણ તેણે ભગવાન ભજ્યા છે અને ભજાવવા નીકળ્યો છે, તો તેની સેવા કરવી. વળી તે ભાગવતને ભણેલો છે, અભ્યાસુ છે, કથાકાર છે. ભલે ભાગવતધર્મ તેનામાં ઉતર્યો ન હોય, ભલે સમજણનો અભાવ છે, સ્વાર્થવૃત્તિ છે, છતાં એ સાધુના વેશમાં વિદ્વાન છે. તેથી તેના અવગુણને નજરે ન લાવીને તે માંદો છે, માટે તેની સેવા કરવી.

શાસ્ત્રમાં માંદાની સેવાનો મહિમા છે. માંદો ભલે દુશ્મન હોય, પોતાને અપ્રિય હોય, તો પણ તેની સેવા કરવી. સંપ્રદાયમાં બહુ જાણીતું દૃષ્ટાંત છે કે, સુંદરિયાણા ગામના વણિક શેઠ હેમરાજ શાહ વૈષ્ણવ હતા. પોતે વૈદ્યરાજ હતા. તેમાં પણ નાડીવૈદ્ય હતા. નાડી જોઈને દરદીની તાસીર વાંચી દેતા. સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે દ્વેષ હતો. પણ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રખર સંત ગોપાળાનંદ સ્વામી બીમાર છે, એવું સાંભળતા પોતાને તે સંપ્રદાય પ્રત્યે દ્વેષ હોવા છતાં સંતવર્યને સાજા કરવા માટે ત્યાં ગયા. તો જેના શિષ્ય આવા ઉમદા સેવાભાવી હોય, તેના ભગવાન કેવા સેવાભાવી હશે ?

મહારાજ આ ચરિત્ર દ્વારા પોતાના આશ્રિત ભક્તોને સેવાનો મહિમા બતાવ્યો છે કે, વ્યક્તિ ભલે ગમે તે હોય પણ જો તે માંદો હોય તો તેની અવશ્ય સેવા કરવી. પોતાનું જરૂરી કાર્ય, પોતાનું ધ્યેય એક કોરે મૂકીને પણ પેલાની સેવા તો કરવી જ.

સેવા પણ કેવી ? અપેક્ષા વગરની. તેની પાસે કંઈક મેળવવાની કે પ્રશંસાની ઇચ્છા ન રાખવી. બે શબ્દો આભારના બોલે, માન આપે, વાહ વાહ થાય તેવું પણ મનમાં ન રાખવું, તેવું મહારાજ બતાવવા માંગે છે.

એટલે તો શિક્ષાપત્રીના ૧૩૯ શ્લોકમાં મહારાજે કહ્યું છે, 'અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતાપિતા, ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય, તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાનાં સામર્થ્ય પ્રમાણે કરવી.'

પ્રભુએ પોતે આચરણમાં ઊતારી પછી આ આદેશ કર્યો છે. 'મારું જીવન એ જ મારો સંદેશ છે' તે વાક્ય તેમણે સેવકરામના ચરિત્ર દ્વારા ચરિતાર્થ કર્યું છે. શાસ્ત્રમાં પણ માંદાની સેવાનો મોટો મહિમા ગાયો છે. પોતે ૧૧ વર્ષની કુમળી વયે પોતાનું ઘર, કુટુંબની માયાને પરહરી પોતાનું અવતારકાર્ય ઝડપથી આગળ ચલાવવા માટે મુમુક્ષુને ખોળવા માટે વનવાસ ગ્રહણ કર્યો છે. તીર્થોને તીર્થત્વ આપતાં આપતાં જે જે મુમુક્ષુ મળે છે તેનું કલ્યાણ કરતા જાય છે. ધર્મમાં પ્રવર્તેલી બદી અને અનાચાર દૂર કરવા જેણે કમર કસી છે, પોતાના ધ્યેય તરફ તે આગેકૂચ કરી રહ્યા છે. તેવા સંજોગોમાં આ સેવકરામનો ભેટો થાય છે. પોતે વનવિચરણમાં હતા તેવું જ ફક્ત નથી, પણ પોતાના ધ્યેય તરફ આગળ વધે છે તે સંજોગોમાં આ સેવાનો યોગ મળ્યો છે. તો તેણે પોતાનું અવતારકાર્ય આગળ ધપાવવાનું બાજુએ મૂકી સેવા તરફ વળ્યા છે.

તમે તમારા કોઈ અગત્યના કામે બહાર જતા હો તે દરમ્યાન કોઈ અજાણ્યો માણસ આવીને તમને પોતાની સેવા કરવાનું કહે, તો તમે શું કરો ? ગુસ્સો જ આવે કે બીજું કાંઈ ? કાં તો ધીરજ હોય તો એવું કહો કે, 'બાપજી ! માફ કરો. આગળ ચાલો.' એમ કહી હાથ જ જોડોને ?

તેને બદલે મહારાજે બીજાની સેવા કરવા માટે પોતાનો કમ બદલ્યો, ધ્યેય બદલ્યું. આ શું કાંઈ નાની વાત છે ? ટાઈમપાસ કરવા આ સેવા નહોતી કરી અને તે પણ ઘડી બે

ઘડી નહીં, પૂરા બે માસ સેવા કરી. પેલો સાવ સાજો થઈ ગયો. હાલતો-ચાલતો, ખાતો-પીતો થઈ ગયો, ત્યાં સુધી પોતે જાતે રસોઈ બનાવીને અનુકુળ હોય તેવું તેને જમાડતા અને પાછા પોતે ? પેલો કંઈ તાણ કરતો ન હતો કે, આપણા બેની રસોઈ કરજો. તેવું નહીં. ફક્ત વેઠ કરાવતો. પોતે તો ગામમાં ભિક્ષા માંગી લાવતા અને તે રૂખું-સૂકું જમતા અને તે પણ પછી ન મળે તો ઉપવાસ કરતા. આ સેવા, આ ધીરજ, આ સહનશીલતા શું ઓછી છે ?

સેવા પણ પાછી કેવી ? ૧૦૮ને બોલાવી દવાખાના ભેગો કરે તેવી સેવા નહીં. સેવકરામને તો લોહીના ઝાડા થઈ ગયેલા. આપણને થયા હોય તો ખબર હોય કે તેમાં કેટલી દુર્ગંધ આવે. શરીર કેવું નિચોવાઈ જાય. એમાં પેલાને કેળના પાંદડાંની એક હાથ ઊંચી પથારી ! પ્રભુને કેટલા કેળના પાંદડાં તોડવા પડ્યાં હશે ? રોજ રોજ પાછા એ પાંદડાં બદલવાનાં. તેનું શરીર સાફ કરવાનું. ઊઠાડવો, બેસાડવો વગેરે પોતે કરવાનું ! વિચાર તો કરો. પોતાની પાસે અષ્ટ સિદ્ધિ, નવ નિધિ હાજર હતી. ધારે તો ચપટીમાં આ બધું કરાવી શકે. પોતે સર્વશક્તિમાન હતા. ધારે તો ક્ષણભરમાં તેને સાવ સાજો, નવો નક્કોર કરી દે. પણ પેલાને પોતાનાં કર્મ ભોગવવા માટે તેને મદદ કરી. સાજો કરી દે તે કર્મ ભોગવવા વળી બીજો જન્મ લેવો પડે તે ન થાય, તે માટે સેવકરામને કર્મ ભોગવવા મદદ કરી.

રહી વાત સ્વભાવની ! પેલાનો સ્વભાવ કેવો લોભી હતો ! ભિખારીને રોટલી કે પૈસો આપીએ તો તે સાચા-ખોટા આશીર્વાદ આપે, પણ આને તો આભારના શબ્દો કહેતાય નહોતું આવડતું. ફક્ત મારી સેવા કરો मम सेवा मुक्तिश्च गम्यताम् ના સિદ્ધાંતને જ સેવકરામ વરેલો હતો.

છતાં મહારજે કંઈ પણ અપેક્ષા ન રાખીને, તેના નઠારા સ્વભાવને અવગણીને, તે માંદો છે એવું જાણી માનવસેવાના ભાગરૂપે સેવા કરી. આપણે એવું કરી શકીએ ? માનવ સેવાનો ઝંડો લઈને નીકળેલા સંપ્રદાયોના સાધકો આવું કરી શકે ? ભૂખ્યા રહીને અવગણના સહન કરીને કોઈ સેવા કરી શકે ? ન જ કરે. વાતો કરવી સારી લાગે. ઘરમાં લોહીના સંબંધવાળા ભાઈ-બહેન કે માતા-પિતા હોય, હરિભક્ત હોય, પોતે તેના અપાર ઋણમાં હોય છતાં સંતાનો સેવા કરતા નથી. વૃદ્ધાશ્રમનો રસ્તો દેખાડી દેતા હોય છે. જ્યારે મહારાજે પેલાની સ્વયં સેવા કરી અને તે પાછી ભાવથી, કેમ કે પેલો સાધુ હતો. ભાગવતનો ભણેલો હતો. શાસ્ત્રવેત્તા હતો. માંદો હતો. તેની ચાકરી કરનારું કોઈ ન હતું. તેના આવા સ્વભાવને કારણે તેનું શિષ્યમંડળ હતું નહીં, માટે સેવા કરી.

આમ, મહારાજે પોતાનાં ચરિત્ર દ્વારા પોતાના આશ્રિતોને સેવાનો મહિમા બતાવ્યો છે.

તેના કારણોમાં....

- પોતાનો દયાળુ સ્વભાવ
- પોતાની સેવાની ભાવના
- પેલાના સ્વભાવને અવગણીને સેવા

આજના સંજોગોમાં ભલે કોઈ ભક્ત કદાચ પરાયા હોય, તે માંદા હોય તો તેની સેવા ન કરી શકે, કેમકે તેના પર હેત નથી. સેવાનો સ્વભાવ નથી, સમય નથી, આર્થિક સ્થિતિ સારી નથી, તેનામાં સ્વાર્થ નથી, તો સેવા ન કરે. કાંઈ વાંધો નહીં. કરે તો સારું, પણ ન કરે તો કાંઈ હરકત નથી.

પરંતુ હરિભક્તો માટે એક દીવાબત્તી સમાન વાત એ છે કે, પોતાના મા-બાપ, ભાઈ-ભાંડુ ગામડામાં કંગાલ દશામાં જીવે છે. પોતે શહેરમાં રહી સુખ-સગવડો ભોગવે છે, મોજથી રહે છે. ખાધેપીધે સુખી છે, કાંઈ વાંધો આવે તેમ નથી, ભગવાનની દયા છે, જ્યારે પોતાના મા-બાપ ગામડામાં એકલા રહે છે. વૃદ્ધ છે, અશક્ત છે, કાંઈ વિશેષ આવકનું સાધન કે આવડત નથી. ત્યારે તેને આર્થિક મદદ

કરો, તેના રોટલા-પાણીનું કરો, તેને દવાના પૈસા આપો. તેને આંખે દેખાતું નથી તો ચશ્મા કરાવી દો. તેની પાસે બેસી તેના માથે હાથ ફેરવી તેને બે મીઠા શબ્દો કહો. તેના દુઃખમાં ભાગ પડાવો. કાલીઘેલી વાતો સાંભળો. તેને આશ્વાસનના બે શબ્દો તો કહો, તેને હિંમતના બે વેણ કહો, ખોટું આશ્વાસન તો આપો ! પેલા તમારા માટે ઝૂરે છે, તડપે છે, તમારા બોલ માટે તરસે છે, તો અઠવાડિયે એક વાર ફોન તો કરો. તેને મળવા તો જાઓ!

આજે મોટા શહેરોમાં લોકો ગામડે જમીન વેચીને શહેરમાં સ્થાયી થયા છે. મા-બાપને ગામડામાં નોંધારા મૂકીને આવતા રહે છે. શહેરમાં ખૂબ કમાય છે. કમાયેલા પૈસા વાપરીને માન-મોભો પણ મેળવે છે. મઠ-મંદિરોમાં આગવું સ્થાન ધરાવે છે. પરંતુ ગામડે બેઠેલા મા-બાપને ભૂલી જાય છે. ત્યારે એ ન ભૂલવું જોઈએ કે જેના થકી તમે આજે છો, જેના ખભે બેસી આજે ઊંચા લાગો છો, એ બધું તમારા મા-બાપના ત્યાગ-બલિદાનથી છે.

તમારા મા-બાપ તમારા પર મીટ માંડીને બેઠા છે. સેવા ન કરો છતાં તે તમારું ખરાબ કદી નહીં બોલે, કોઈની પાસે તમારી બદબોઈ નહીં કરે. એમ જ કહેશે કે, અમારા છોકરા શહેરમાં સુખી છે. પૈસા મોકલે છે, સાચવે છે. તેવા જ મીઠા આશીર્વાદના વેણ કાઢશે. તમારા ઉપર આશીર્વાદની હેલી જ વરસાવશે. માટે એની કદર કરો. તમારો જન્મારો સુધરી જશે. તમને તેડવા મહારાજ વિમાન લઈને આવશે જ ! સેવા નહીં કરો તો વિમાન તમને લીધા વગર ઉપરથી ચાલ્યું જશે. માટે, સેવકરામના ચરિત્ર દ્વારા સેવાનો મહિમા સમજવો. પોતાનાં મા-બાપની સેવા કરો. તેને અનુકૂળ થઈને રહો. કાયમી આશીર્વાદ જોઈતા હોય, તો તમારા ઘરે શહેરમાં રાખો. જો જો તમારી પ્રગતિને ચાર ચાંદ ન લાગી જાય તો કહેજો !

સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્ ।

અનુસંધાન પેજ નં. ૫ ઉપરનું

સમજાવતા કહે છે...

"જેમ મનુષ્ય કાર્યને અર્થે પરદેશ જાય છે તે પાછો ઘરે આવે છે; જેમ પશુ ચરવા જાય છે તે પાછું ખીલે આવે છે; જેમ પંખી ચણવા જાય છે તે પાછું માળે આવે છે; તે જ રીતે ભગવાનના ભક્તોએ કથાવાર્તારૂપી ચારો ચરીને ભગવાનરૂપી માળામાં વિરામ કરવો." (વચ.ગ.પ્ર.૩૨)

ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રત્યક્ષ મૂર્તિ સર્વ સંતો-હરિભક્તો માટે ભક્તિ અને ઉપાસનાનું કેન્દ્ર છે.

ભક્તો માટે એજ ઘર છે, એજ પ્રેમથી બંધાવાનો ખીલો છે અને એ જ નિર્ભય રીતે વિશ્રામ કરવાનો માળો છે.

વચનામૃતમાં જે જ્ઞાન-ધ્યાન-ધર્મ-ભક્તિ વગેરે સાધનોનું નિરુપણ છે, તેનું લક્ષ્ય ભગવાન શ્રીસ્વામિનારાયણનું પ્રત્યક્ષ સ્વરૂપ છે.

સર્વ સરિતાઓ જેમ સાગરમાં વિરામ પામે છે, તે જ રીતે સત્શાસ્ત્રો તેમજ વચનામૃતમાં પ્રબોધિત સર્વ પ્રકારની સાધનાઓ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં ચરણમાં વિરામ પામે છે.

આ વાતને મુમુક્ષુઓનાં હૈયામાં સુદૃઢ કરવા માટે પ્રત્યેક વચનામૃતના આરંભે મહાન સદ્‌ગુરુઓએ ભગવાન શ્રીહરિની મૂર્તિનાં વર્ણનનું પુનરાવર્તન કરેલું છે.

સંપ્રદાયમાં વચનામૃત વગેરે સદ્‌ગ્રંથોના વાચનના આરંભે 'સ્વામિનારાયણ હરે !' એમ બોલવાનો અનોખો રિવાજ છે.

સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ 'સ્વામિનારાયણ હરે !' આ બન્ને શબ્દો સંબોધન છે, જે ભગવાન શ્રીહરિ માટે વપરાયા છે.

'સ્વામિનારાયણ હરે !' આ સંબોધનમાં "વચનામૃતના આરંભે જેનું વર્ણન છે એ ભગવાન શ્રીહરિ મારી સન્મુખ બિરાજમાન છે, હું પાઠ કરું છું અને એ સાંભળે છે." આવી પ્રગટ ભક્તિનો ભાવ નીતરે છે.

બા, મારું સર્જન કરીને ઈશ્વરની જેમ તું છુપાઈ ગઈ. તને મેં ક્યાં નથી શોધી ?

સ્ત્રીના દરેક રૂપમાં મેં તને શોધી છે. તને શોધવી છે એટલે સ્ત્રીને ધિક્કારી નથી શકતો, તું મળતી નથી એટલે સ્ત્રીને ચાહી નથી શકતો. બધા કહે છે, તારામાં જરાય સ્વાર્થ ન હતો તો પછી મારું સ્વર્ગ છીનવીને તું કેમ સ્વર્ગસ્થ થઈ ગઈ.

આધ્યાત્મિક જ્ઞાન કઠિન અને ક્લિષ્ટ મનાયું છે, આધ્યાત્મિક વિજ્ઞાનના પ્રયોગો સાધકને ક્યારેક ભ્રમમાં પણ નાખે છે. ત્યારે વચનામૃતમાં પરમાત્મા અને પરમહંસોના પ્રશ્નોત્તર રૂપે પ્રગટ થયેલું આ અધ્યાત્મ જ્ઞાન-વિજ્ઞાન એટલું સરળ, સુબોધ અને સુગમ રીતે પીરસાયું છે કે વિદ્વાનોને પણ વિચારતા કરી દે છે અને ભક્તિભાવથી ભરેલા શ્રદ્ધાવાન ભાવિકોને સહજતાથી આત્મસાત થઈ જાય છે.

લિખીતંગ તારી 'મા'ના આશિષ....!

- નરેશભાઈ દેસાઈ, વલસાડ

મારા વ્હાલા દીકરા,

બેટા ! આજે પાણીને તરસ લાગી છે. સંસારની દરેક માતા પોતાના સંતાનોને મમતા અને વાત્સલ્યતા આપતા થાકતી નથી. પરંતુ આ મા એના એકના એક દીકરા એવા તારા પડછાયાનો આશરો તરસે છે, તલસે છે અને તેના માટે તરફડે છે.

પાંચ પાંચ વર્ષનાં વહાણાં વીતી ગયા. તું આ એકલી અટૂલી 'ઘરડી મા'ને અહી મૂકીને ડોલરિયા દેશમાં ડોલર કમાવા અમેરિકા ગયો છો. શરૂ શરૂમાં દર ૧૫ દિવસે મહીને તું કાગળ લખતો, પરંતુ પછી પરાયા દેશની લપસણી ભૂમિ ઉપર તારી આ 'મા' જાણે વિસરાતી ચાલી... કારણ કે, પછી મારી આજીવિકા માટે તેં નથી મોકલી કોઈ ખર્ચાઈ કે નથી મોકલી કોઈ અબર. દીકરા ! જીવનને જીવવાની અને જીરવવાની તાકાત આ 'મા' હવે ગુમાવી રહી છે.

બેટા ! ધુમાડાનો રંગ બધે સરખો જ હોય. પછી તે દેશ હોય કે પરદેશ. અમેરિકાના ધુમાડા પણ કાળા જ હશે ને કે ઉજળા ? તારી આ મા આજે હૈયાની ઠસકનો તરજુમો કરી રહી છે.

પરદેશ જવા માટે તું બહુ મોટા મોટા સપનાની વાતો કરતો હતો, પણ મને તેમાં ઝાઝી સૂઝ નો પડે... મેં તો તારી ઈચ્છા પૂરી કરવા ખોરડું વેચી નાંખ્યું ને ગામની સીમમાં ઘાસની 'ઝૂંપડી' બનાવીને રહું છું. તારી તમન્નાના નાનકડા ઘસરકાને વીંટવા મેં મારી આખી ઓઢણી અર્પી દીધી. તારા માટે મારી ભાવના ભીષ્મ બનીને ઊભી હતી, પરંતુ એ જ ભીષ્મ આજે બાણશૈયા ઉપર જીવતરનો આખરી જંગ ખેલી રહ્યા છે. આથી આજ મારા પરસેવાની સોડમથી પત્ર લખું છું. તું ત્યાનું પરદેશી 'અત્તર' છાંટીને વાચી લેજે....!!



દીકરા ! તું અહીં અમરેલી હોય કે અમેરિકા, માતર હોય કે મુંબઈ પણ 'મા'ની રાહમાં કોઈ ફરક પડતો નથી. મા તો હંમેશાં રાહ જોવા જ ટેવાયેલી હોય છે. બેટા ! તારા નામનો પીંડ મારા પેટમાં બંધાયો ત્યારથી તારી રાહ જોવાના હેવા પડી ગયા છે.

બાકી તો મા માટે દીકરાની ઊંચાઈ કે મોટાઈ ક્યારેય મોટી નથી હોતી. મા તો દીકરાને જાણે હમણાં જ ઉછર્યો હોય તેવી મમતાથી સદાય ઉછેરે છે... અને હકીકતમાં મા હોય તે જ નિઃસ્વાર્થભાવે દીકરાની કાયમ રાહ જોતી હોય છે. આ કાગળ તારા હૈયાનાં ધબકારને અક્ષરનાં એકાંત સુધી પહોચાડે, તો મારા જીવને શાંતિ મળશે.

બેટા ! માની મોટાઈનું મહાકાવ્ય મારે નથી ગાવું, પરંતુ એવું કહેવામાં આવે છે કે જગતમાં જનનીનો જોટો મળવો મુશ્કેલ જ નહી અશક્ય પણ છે. તેની જોડે ખુદ પરમેશ્વર પણ બેસી ન શકે આ વિશ્વનો વિરાટ પનો ટૂંકો પડે, ત્યારે મા જ પોતાના ફાટેલા સાડલાથી તેને સાંધી આપે છે.

ઈશ્વરે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે પ્રથમ માને બનાવી હશે. મા ક્યારેક દુઃખી હોઈ શકે, પણ નિરાશ ક્યારેય ન થાય... બેટા !તારા વગર, તારી રાહ જોવામાં હું દુઃખી જરૂર છું, પરંતુ નિરાશ કે હતાશ નથી. મને ભરોસો છે કે, તું મારી આંખો વિલાય તે પહેલા તા.. રા દીદાર દેવા જરૂર આવીશ.

મા પ્રાર્થના કરવા મંદિરે નથી જતી, પરંતુ એનું વર્તન જ પ્રાર્થના બની જાય છે અને કોઈ પણ માની પ્રાર્થના સ્વીકારવા સ્વયં સર્વેશ્વર માના પાલવના આંગણે આવી ઊભા રહે છે.

બેટા ! હવે હું જીવતરની ઘડીઓ ગણું છું. તારા ગયા પછી આ ઝૂંપડીમાં તારા વગર તડપી છું. ઠંડીમાં તરફડી છું અને ગરમીમાં તપી પણ છું. ક્યારેક પેટનો ખાડો પૂરવા જુવાર-બાજરીનો લોટ પણ નહોતો મળતો, ત્યારે માત્ર છાશ પીને તલસી છું અને આમ જીવતરમાં ઝઝૂમતી અને ઝૂરતી રહી છું.

ગામના માવજી માસ્તરને તેં મારી ચાકરી અને અંતિમક્રિયાના ખર્ચના પૈસા મોકલી દીધા છે તે મેં જાણ્યું, પરંતુ આ મા નિરાશ નથી થઈ. તું એક દિવસ જરૂર

આવીશ એવી આશામાં ધબકારા ટકાવી રાખ્યા છે અને કદાચ ન પણ આવી શકે તો ચિંતા નહીં કરતો. હું નહીં હોઉં ત્યારે એકાદ વખત આ ઘાસની ઝૂંપડીએ આવી ગંગાજળના બે ટીપા ઝૂંપડીમાં છાંટીશ તો પણ તારી આ માનો મોક્ષ થઈ જશે. તારું તર્પણ એળે નહીં જાય બેટા !! મારા મૌન આશીર્વાદ આ ઝૂંપડીમાં ટહૂકતા હશે તેનો તરજૂમો પામી લેજે દીકરા !! મા બોલીને નથી આપતી, પરંતુ હૈયું ખોલીને આપે છે. તારી માનાં મરણનું આ મંગલાષ્ટક છે. ભગવાન આ સંસારનું સઘળું સુખ તારા ઉપર વરસાવે. બેટા !! માનો છાંયો છૂટી જશે પણ માધવનો પડછાયો પકડી રાખજે. તારા અખંડ રખોપા હજો !!

ગામના માવજી માસ્તરના ઘરે આવીને આ કાગળ લખાવ્યો છે. હવે ઝૂંપડીએ પાછી ફરું છું. પહોંચું તો ઠીક છે, નહીં તો અડધે રસ્તેથી પરલોકના રસ્તે ચાલી જઈશ..!! એ જ, લિખીતંગ તારી 'મા'ના આશિષ...

કળિયુગને મૂંછનો દોરો ફૂટ્યો

- ડૉ. જગદીશ ત્રિવેદી

એક શિખાઉ પાઈલટ હેલિકૉપ્ટર ઉડાડતો હતો. આપણે ત્યાં સરકાર ચલાવવી સહેલી છે, પણ કાર ચલાવવી અઘરી છે, ત્યાં હેલિકૉપ્ટર તો કેટલું અઘરું થઈ પડે ? હેલિકૉપ્ટર અત્યારના હીરોની માફક આકાશમાં ચડ્યું એવું જ જમીન ઉપર પટકાયું એક ન્યૂઝચેનલના પત્રકારે હેલિકૉપ્ટરના કાટમાળમાં કેમેરા ભરાવીને પાઈલટને આવડી મોટી પડતીનું કારણ પૂછ્યું. ત્યારે બુદ્ધિમાં બાળક જેવો ચાલક બોલ્યો : "આકાશમાં ઊંચે ગયા પછી ઠંડી લાગવા માડી, એટલે મે ઘરની ટેવ પ્રમાણે પંખો બંધ કરી દીધો."

આ રમૂજ એટલા માટે યાદ આવી કે થોડા દિવસો પહેલા સ્વિત્ઝરલેન્ડમાં વેસ રોઝી નામના સાહસિક પાઈલટે માણસનું વરસો જૂનું સપનું સાકાર કર્યું છે. આ માણસ પક્ષીની માફક પાંખો પહેરીને કલાકના ત્રણસો કિલોમીટરની ઝડપે આકાશમાં ઊડ્યો. એટલું જ નહીં, પરંતુ મને આશ્ચર્ય તો એ વાતનું છે કે જીવતો પાછો આવ્યો. વેસ રોઝીને આ રીતે ઊડતો જોઈને પક્ષીઓમાં બર્ડ-ફ્લૂ બાદ ડિપ્રેશન નામનો મોટો રોગચાળો ફાટી નીકળ્યો છે અને તમામ જ્ઞાતિ અને ધર્મનાં પક્ષીઓએ એક મંચ ઉપર એકઠાં થઈને માણસની પંખી થવાની અધોગતિ માટે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

કાગડાએ પોતાના પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું : "પક્ષીઓમાં અમે ભલે તૈયારના દીકરા ગણાતા હોઈએ, પરંતુ અમારું ખિસ્સું કાપી શકે એવો એકમાત્ર જીવ માણસ છે. જો માણસ હવામાં ઊડતો થયો તો આપણને ઊડવા દેશે નહીં." કાગડાની વાતમાં સૂર પૂરાવતો પોપટ બોલ્યો : "માણસમાં અને આપણામાં એટલો જ તફાવત છે કે આપણે સૌ પક્ષીઓ રાત પડે એટલે પોતપોતાના માળામાં ભરાઈ જઈએ છીએ, ત્યારબાદ સવાર સુધી ઊડતાં નથી અને માણસ એક એવું પક્ષી છે જે રાત પડે પછી જ ઊડે છે અને સવાર સુધીમાં બે ત્રણ માળા વીંખીને જાણે કશું બન્યું નથી, એમ પોતાના માળામાં આવીને સૂઈ જાય છે."

પોપટની વાતમાં ટાપસી પૂરાવતી કાબર બોલી : "માણસ આકાશમાંથી ઊડવા માંડે પછી આપણી માફક મૂંગો-મૂંગો ઊડે તો હજુ પણ વાંધો નથી, પણ માણસ ઊડીને નોકરીએ જતો હશે અને પત્નીનો મોબાઈલ આવશે કે, 'સાંજે ઘરે આવો ત્યારે બજારમાંથી પિન્ટુ માટે નવો વિન્ગસેટ લઈ આવજો, એની પાંખો જૂની થઈ ગઈ છે. વેકેશનમાં મામાને ત્યાં જાય અને જૂની પાંખોથી ઊડતો હોય તો કેવું ખરાબ લાગે ?' આ સાંભળીને માણસ આકાશમાં પણ રાડારાડ કરવા લાગશે."

અત્યાર સુધી મુંગો બેઠેલો મોર બોલ્યો : "માણસ અવાચક થઈને ઊડે તોપણ મને વાંધો છે, કારણ કે આજ દિવસ સુધી આપણે સૌ પક્ષીઓ કોઈ પણ જાતના ટ્રાફિક નિયંત્રણ વગર ઊડતાં હતાં, છતાં આપણે ક્યારેય એકબીજા સાથે અથડાયાં નથી. યાદ રાખજો, માણસ ઊડવા માંડશે એટલે આકાશમાં પણ અકસ્માત થવા માંડશે."

મોરની વાત સાંભળી ગીધ બોલ્યું : "માણસોની ચિંતા કરવા માટે દરેક દેશમાં મિનિસ્ટર રાખેલા છે. મતદારોની ફિકર મંત્રીથી વધારે કોણ કરી શકે ? માણસ ઊડવા લાગશે એટલે એને શિસ્તથી ઉડાડવા

માટે આકાશમાં ચારે તરફ પોલીસ પણ ઊડતા રહેશે. પોતાના યુનિફૉર્મમાં ઊડતાં-ઊડતાં વ્હિસલ વગાડતા પોલીસ-પતંગને જોઈને આપણાં બાળકો કેટલાં બધાં રાજી થશે!''

આ સાંભળી ઘુવડ બોલ્યું : ''પછી તો કોઈ માણસ માથે લાલ લાઈટનો ટોપો પહેરીને સાઈરન વગાડતો ઊડતો ઊડતો નીકળે, એટલે સમજી જવાનું કે પાછળ કોઈ મંત્રી પાંખો ફફડાવતો આવતો લાગે છે.''

બધાં પક્ષીઓએ બોલી લીધા પછી પ્રમુખસ્થાનેથી ગરુડ બોલ્યું : ''વેસ રોઝી નામનો ભૂરા માથાનો માનવી પક્ષીની માફક આકાશમાં ઊડવામાં સફળ થયો એ આપણાં પક્ષીજગતની સૌથી વધુ દુઃખદ ઘટના છે. મને દહેશત છે કે આવનારાં વરસોમાં માણસ આપણું નીરવ અને નિર્મળ આકાશ પણ પચાવી પાડશે અને આપણને આકાશવટો આપશે.'' આટલું બોલતાં ગરુડ ગળગળો થઈ ગયો. એનો અવાજ રૂંધાઈ ગયો.

પક્ષીઓ ભલે ચિંતા કરે, પણ હું એવું માનું કે વેસ રોઝીએ કશું જ નવું કર્યું નથી. 'માણસ' નામનું પ્રાણી યુગોથી ઊડતું આવ્યું છે. હવામાં ઊડવું એ માણસની સિદ્ધિ નથી, પણ મર્યાદા છે. કોઈ પણ ક્ષેત્રમાં નાનકડી સફળતા પણ માણસને હવામાં ઉડાડવા માટે પર્યાપ્ત છે. લિયોનાર્દો દ વિન્ચીએ તો આશરે સાડાપાંચસો વરસ પહેલાં કહ્યું હતું : ''ભવિષ્યમાં માણસ પંખીડાની માફક ઊડશે.'' પરંતુ આપણાં શાસ્ત્રોમાં તો હજારો વરસો પહેલાં લખ્યું હતું : ''કળિયુગ જ્યારે જુવાન થશે ત્યારે માણસો પક્ષીની જેમ હવામાં ઊડતાં હશે.'' વેસ રોઝીની ઉડાન સાબિત કરે છે કે હવે કળિયુગને મૂંછનો દોરો ફૂટી ગયો છે

ગુરુકુલ સંસ્કાર

- વિજય ભરાડ, સંગીતકાર

લોકસાહિત્યનો એક ખૂબ જ જાણીતો દુહો છે...

''પ્રિય બોલવું સજ્જનતા, દાતારી સુર પંથ
એતા અભ્યાસે ના મિલે, બિના કૃપા ભગવંત.''

સારું બોલવું, સજ્જન હોવું, શૂરવીરતા, દાતારી વગેરે ગુણો ભગવાનની કૃપા હોય તો જ મળે. આ સત્ય સનાતન છે. આ ગુણો શીખવાની કોઈ પાઠશાળા નથી, કારણ કે આ જીવની સાથે જોડાયેલા સંસ્કારો છે જે વારસામાં જ મળે. તો વિચાર આવે કે આવા સંસ્કારો મેળવવા હોય તો ? ... ક્યાંય પાઠશાળા હોય ખરી...? તો એનો જવાબ છે હા... આવા સંસ્કારોની પાઠશાળા એટલે પૂજ્યપાદ સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી દ્વારા સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ લોકસાહિત્યના દુહાને કંઈક અંશે ખોટો પાડતી હોય તેવી પાઠશાળા છે. અહીં માનવીય મૂલ્યોનું સુચારૂ રીતે ઘડતર થાય છે અને જીવનથી જીવન ઘડાય એ કહેવત સાર્થક થાય છે. કાષ્ટની માળા ફેરવવાને બદલે સ્વામીએ માનવમાળા બનાવીને હાલતાં ચાલતાં મંદિરોની માળા તૈયાર કરી. સંસ્કારે યુક્ત નવયુવાનોની ફોજ તૈયાર કરી. આ ફોજમાં અનેક દાતારો, સંતો-ભક્તો, દેશભક્તો, શૂરવીરો, લોક-સાહિત્યકારો અને સંગીતજ્ઞો જગતના ચોકમાં ગુરુકુલ અને સ્વામિનારાયણ સંપ્રદાયની જ્યોતને ઝગમગાવી રહ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતોનું પાલન આ ગુરુકુલ દ્વારા થઈ રહ્યું છે, એવું આપણે સૌ અનુભવી રહ્યા છીએ.

મારાં સંગીતક્ષેત્રના અનુભવની વાત કરું, તો જ્યારે હું ગુરુકુલમાં ભણવા માટે આવ્યો ત્યારે વારસાઈ સંસ્કારોને કારણે ગાતા આવડતું હતું, પણ ઘડતરનો અભાવ હતો. ગુરુકુલની સવાર-સાંજની પ્રાર્થનાસભામાં અને પૂજ્ય સંતોની સવારની પૂજામાં કીર્તનો ગાવાનો અવસર એ મારું ગાયનનું ઘડતર હોય એવું અનુભવાયું. પૂજ્ય પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પૂજામાં જ્યારે કીર્તનો ગાવ ત્યારે કીર્તનોના શબ્દો, ઉચ્ચારણ કે લઘુ ગુરુમાં ફેર થાય એટલે તુર્તજ અટકાવીને એ કીર્તનની કડી પોતે ગાઈને શીખવાડે અને એના અર્થો પણ સમજાવે, જે અત્યારે મને મારા કલાનાં ક્ષેત્રમાં ખૂબ જ ઉપયોગી થઈ રહ્યા છે.

અખંડ ભગવત પરાયણ પૂજ્ય જોગી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીને કીર્તનો સંભળાવીને રાજીપો મેળવ્યાનો આનંદ અહીં વર્ણવવો મુશ્કેલ છે. ભણતાં ભણતાં સંતોની સાથે સત્સંગ

સભાઓમાં, કથાઓમાં, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કીર્તનો ગાવા માટે જવાનું થાય ત્યારે સંતો પાસે બેસાડી કીર્તનોના મૂળ રાગ-ઢાળ શિખવાડે. કીર્તનો ઉપરાંત સંપ્રદાયના પદ્યસાહિત્ય જેવા કે ભક્તચિંતામણિ, હરિલીલામૃત, પુરૂષોત્તમપ્રકાશ, ચોસઠપદી જેવા ગ્રંથોના પણ મૂળ રાગ અને ઢાળ શીખવાનો અને અર્થો સમજવાનો અવસર મળ્યો.

ગુરૂકુલ દ્વારા થતી અખંડ ધૂનમાં ગાતા હોય ત્યારે મૂળ રાગ ઢાળ અને સંપ્રદાયની પરંપરામાં જરા પણ ફેરફાર થાય એટલે આવી બને... અખંડ ધૂનમાં પણ ધૂનનો રાગ બદલી ના શકાય. લોકરંજન માટે ફિલ્મી ધૂનનો તો અવકાશ જ ના હોય. આ બધું કહેવા અને શિખવવા પાછળ કોઈ જડતા નો'તી, પણ સંપ્રદાયની મૂળ પરંપરા જળવાઈ રહે તેવો ઉમદા ભાવ હતો. આ બધું શિખવાડતી વખતે સંતોની ખાસ ભલામણ પણ હતી કે, જગતની વચ્ચે કલાકાર તરીકે જાવ ત્યારે પણ આ બધું સાચવીને રાખજો. જગતને રિઝવવા જગદીશને ભૂલતા નહીં.

આ મીઠી ટકોર અત્યારે પણ સાચવીને રાખી છે, એનું મને ગૌરવ છે. મારા જીવનઘડતરમાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી ન હોય, તો સંગીતનાં ક્ષેત્રમાં અત્યારે જે પણ કંઈ મારી પાસે છે એ ન હોય એ સત્ય છે. પૂજ્ય સ્વામીની કલાપારખુ નજર અને પ્રોત્સાહન પૂરું પાડવાની સુઝ-સમજ અદભુત અને અજોડ છે. એમની કૃપાદૃષ્ટિથી જ મારાં જીવનમાં ગુજરાતના શ્રેષ્ઠ સંગીતકારો પાસેથી સંગીત શીખવાનો અવસર મળ્યો. સંગીતના વિદ્યાર્થી હોય ત્યારે સ્ટેજ પર વાહ વાહ મળે એટલે એ વિદ્યાર્થી સંગીતનો વિદ્યાર્થી મટી કલાકાર બની જાય અને ત્યાં સંગીતની સાધનાનું પૂર્ણવિરામ આવી જાય. મારી સંગીત સાધનાનું પૂર્ણવિરામ ન આવે એટલે પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીએ મારા સંગીતયજ્ઞમાં સતત પ્રોત્સાહન રૂપી આહૂતિ આપી. જેથી કરીને સ્ટેજ પરથી મળતી વાહ વાહ ને દૂર રાખી સંગીતનાં શાસ્ત્રને સમજી શક્યું.

અત્યારે સંગીતક્ષેત્રના નાના મોટા અને ધુરંધર કલાકારો સાથે અવારનવાર હળવા-મળવાના પ્રસંગો થતા હોય ત્યારે તેમનાં જીવન જોઈએ ત્યારે આ ગુરૂકુલ અને ગુરૂકુલના સંતોનું નિ.સ્વાર્થ ઘડતર યાદ આવે કે, કલાના ક્ષેત્રે રહેલી બદીઓથી આપણે બચી ગયા. એટલે સોરઠના શીઘ્ર કવિશ્રી નાનુ ભરાડાના શબ્દો યાદ આવે...

હાં રે મને ગમતી આ ગુરૂકુલ માત,
જેની દુનિયાથી જુદી છે ભાત...
હાં રે મને ગમતી આ ગુરૂકુલ માત.

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

બણી ઠણી શું રૂડાં રૂપાળાં
ચાલો મલપતી ચાલ?
માણસાઈ નથી મનમાં તો એ -
વાતમાં શો છે માલ?
વાતમાં શો છે માલ વિચારો
જાય છે અમૂલખ આ જન્મારો.
કહે કોવિદરામ અંતર કાળાં
બણીઠણી શું રૂડાં રૂપાળાં -
ચાલો મલપતી ચાલ!

ઘોડાને કહેવું પડતું નથી કે તું ઘોડો થા.
બળદને કહેવું પડતું નથી કે તું બળદ થા.
અરે! ગધેડા જેવા ગધેડાને પણ કહેવું પડતું નથી કે તું ગધેડો થા, પરંતુ માણસ નામના પ્રાણીને સતત કહેવું પડે છે કે તું માણસ થા.

દરેક પશુઓમાં પશુતા જોવા મળે છે, પરંતુ દરેક માણસમાં માણસાઈ જોવા મળતી નથી. 'માણસાઈ' અને 'માનવતા' બન્ને સમાનાર્થી છે, જે દરેક માણસમાં હોતા નથી.

માણસ ગમે તેટલો રૂપાળો હોય, ગમે તેટલાં કિમતી વસ્ત્રો પહેર્યાં હોય, ગમે તેટલા ઘરેણાં પહેર્યાં હોય અને આકર્ષક મલપતી ચાલથી ચાલતો હોય, પરંતુ એમાં માણસાઈ ન હોય તો બધું જ વ્યર્થ છે.

માણસાઈ વગરના માણસ પાસે ગમે તેટલો માલ હોય, પરંતુ એક માણસાઈ ન હોય તો એનો મૂલ્યવાન મનુષ્ય અવતાર એળે ગયો ગણાય.

૨૧મી સદીના મિલેનિયમ ગોડ

- મકવાણા વિનોદ એમ.

ભારતીય સંસ્કૃતિ આજે હજારો વર્ષ પછી પણ જેના અવતરણને ભૂલી નથી, તેવા કોઈ મિલેનિયમ ગોડ હોયતો તે છે ભગવાન શ્રીકૃષ્ણ.

કૃષ્ણ શબ્દનો સામાન્ય અર્થ પ્રેમસ્વરૂપ, અત્યંત આકર્ષક, મોહક, આનંદદાયક થાય છે. તેના ગુણોને કારણે પણ તેના અનેક નામો છે. જેવો કે, અચ્યુત-મુરલીધર-રસેશ્વર-નટેશ્વર-રણછોડ વગેરે. તેઓ શ્રીમદ્ ભગવદ્ગીતાના ગાયક તથા પૂર્ણ પરમાત્મા યુગપુરૂષ છે.

બાલકૃષ્ણનું જીવન બચપણથી સંઘર્ષમય હતું. બધાથી જુદી અનોખી યુક્તિ અપનાવી, સહુને પ્રભાવિત કર્યા. યશોદા, ગોપીઓના વાત્સલ્યને ભરપૂર માણે છે. ગોપાળ બને છે. ગાયોનું જતન કરે છે.

કૃષ્ણનું સમગ્ર જીવન જ સાબિત કરે છે કે ભોગ, ત્યાગ, પ્રવૃત્તિ, નિવૃત્તિ, જ્ઞાન, કર્મ, તર્ક અને શ્રદ્ધા, પૃથ્વી અને સ્વર્ગ- આ સઘળા અંતિમ વચ્ચેનો ભેદ શૂન્ય છે. આ તમામ ગુણો તેમનાં જીવનમાં વિશિષ્ટ સંગ્રહ તરીકે વર્ણવ્યા છે.

મધુસુદને કોઈને આપત્તિમાં સહાય કરીને, સમર્પણભાવથી સેવા કરીને, કોઈને બાસુરીની ધૂનથી, ઉપદેશના વચનથી, હૃદયના પ્રેમથી, કોઈને રક્ષણના શૌર્યથી, સ્મિતથી, ક્રોધ ને સુદર્શન ચક્રથી, મોરપીંછના રંગો જેવી મેઘધનુષી કૃપા વરસાવી છે. તેના અનેક ઉદાહરણો તેમનાં જીવનમાં આપણા માટે પ્રેરણારૂપ છે.

કૃષ્ણ જ્ઞાની, ધ્યાની, ફ્રેન્ડ એન્ડ ફિલોસોફર, સફળ રાજનીતિજ્ઞ છે. તેમણે કુરૂક્ષેત્રનાં યુદ્ધમાં અર્જુનના સારથી બની પાંડવોને-ધર્મનો વિજય અપાવ્યો. દાદા ભીષ્મને પોતાની પ્રતિજ્ઞા તોડી મુક્તિ આપી. ગરીબ મિત્ર સુદામાનાં ચરણ ધોઈ માગ્યા વગર સંપત્તિ આપી. સાચી મિત્રતા શુ છે ? તે આચરી બતાવ્યું છે

૨૧મી સદીમાં આપણે જીવનમાં નિરંતર સંઘર્ષ કરવો પડે છે. જીવન એક યુદ્ધભૂમિ છે, જેમાં કર્મ આપણું હથિયાર છે. આપણે જેવાં કર્મના બીજ વાવીએ છીએ, સમય આવ્યે તેવા ફળ મળે છે. આ માટે ભગવાન કહે છે, "આસક્તિ છોડીને નિષ્કામ કર્મ કરતાં કરતાં આગળ વધીને સમર્પિત કરવાં જોઈએ." આ જ્ઞાન આજના યુગમાં પ્રાસંગિક છે. દરેક કાર્યને કુશળતાપૂર્વક, પોતાની ક્ષમતા આવડત મુજબ કરવું તે જ સાચો યોગ છે.

શ્રીકૃષ્ણ એટલે માધુર્યની મૂરત. માધુર્યથી સમગ્ર બ્રહ્માંડમાં તેઓએ પ્રેમભાવનું નિર્માણ કરેલ છે. સબંધો સાચવવા, જાળવવા, ઉજ્જવળ બનાવવા તથા કેમ જીવવું એનું દૃષ્ટાંત તેમનું જીવન પૂરું પાડે છે. વિવિધ ભૂમિકા જીવંત રીતે ભજવી યુગો સુધી તેમણે માનવજાતને હિંમત, પ્રેમ, આત્મવિશ્વાસના તથા નિર્ણયશક્તિના પાઠ ભણાવ્યા છે. આમ શાંતિ, આનંદ, ધર્મ, સત્ય એમનાં જીવન દ્વારા આપણને સમજાવ્યું છે.

અંતમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય-૯ શ્લોક-૨૨માં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તોને 'પ્રોમિસરી નોટ' આપતા હોય તેમ કહે છે : "જે ભક્તો મારું ચિંતન કરતા રહીને નિરંતર મારામાં લાગેલા રહે છે, તેવા ભક્તનો યોગ ક્ષેમ (અપ્રાપ્તિની પ્રાપ્તિ અને પ્રાપ્તિની રક્ષા) વહન કરવાનું અભય વચન આપે છે."

આપણે ભગવાન કૃષ્ણનાં પુનઃ અવતારની રાહ નથી જોવાની, પરંતુ તેમનાં જીવનના આદર્શને અપનાવી, અનુસરણ આપણાં જીવનમાં કરીએ, તો અચૂક આપણું મૃત્યુ મહોત્સવ બની શકે. કૃષ્ણમ્ વંદે જગતગુરૂ....

પ્રથમ ભક્તિ : કથા શ્રવણ

- સાધુ શુકવલ્લભદાસ

શાસ્ત્રોમાં ભક્તિના નવ પ્રકાર બતાવવામાં આવ્યા છે. તેમાં સૌપ્રથમ સ્થાન શ્રવણ ભક્તિને આપવામા આવ્યું છે. શાસ્ત્રોમાં તથા સંતોનાં મુખે અવારનવાર કથા શ્રવણનો મહિમા સાંભળવા મળે છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તો કથાનો મહિમા સમજાવતા કહે છે કે, "આ સર્વે કામ મુકીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ તે એમ સમજવું જે કરોડ કામ કરીએ છીએ. તે શું જે જમપુરી, ચોરાસી, ગર્ભવાસ એ સર્વેને માથે લીટા તાણીએ છીએ પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું."

આ વાત સરળતાથી આપણને ન સમજાય પણ મોટા પુરુષોના જીવન સામે દ્રષ્ટિ કરીએ તો કથા શ્રવણનો મહિમા કેટલો છે તે જાણવામાં આવે. ભગવાન સ્વામિનારાયણ સ્વયં પુરુષોત્તમ નારાયણ હતા છતાં પણ બાળપણથી જ તેમની કથા શ્રવણ કરવાની રુચિ અનેરી હતી. સત્સંગમાં પધાર્યા પછી પણ મહારાજે કથાવાર્તાનો અખાડો સતત ચાલું રાખ્યો હતો. પોતાના સતત વિચરણ વચ્ચે પણ મહારાજે કથા શ્રવણને પોતાનું આગવું અંગ બનાવ્યું હતું.

કથા શ્રવણના મહિમાનું વર્ણન કરતા મહારાજ વચનામૃતમાં કહે છે, "મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે ? તો ભગવાનની કથાવાર્તા સાંભળવામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય અને જો કથાવાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે, એમાં મોટા ગુણ નહિ આવે." (ગ.અં.૨૪)

"તત્પકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તો પણ જેવું ભગવદ્‌વાર્તા સાભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તે સાધનોથી થતું નથી અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી." (કારિ.૧૨)

માટે જેમણે આ અસાર જગતના ફેરાનો થાક ઉતારવો છે તેમણે કથાનું શ્રવણ અવશ્ય કરવું જોઈએ. કથા શ્રવણથી સહેજે સહેજે વિવેક ઉત્પન્ન થાય છે, જ્યારે વિવેક જાગે છે ત્યારે સાર અસારની ઓળખાણ થાય છે, સાર-અસારની ઓળખાણથી સાચી વસ્તુનો મહિમા સમજાય છે, સાચી વસ્તુનો મહિમા સમજાવાથી તેમાં હેત થાય છે એને તે હેત-પ્રેમ ભગવાન તરફ દોરી જાય છે.

નારદજી દ્વારા એક મુહૂર્ત માત્રના કથા શ્રવણથી દક્ષ પ્રજાપતિના ૧૦૦ પુત્રોને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. માત્ર સાત દિવસ કથા શ્રવણથી પરિક્ષિતના વિકાર માત્ર ટળી ગયા હતા, પ્રેત યોનિને પામેલો ધુન્ધુકારી ભાગવતની કથા શ્રવણ કરવાથી મુક્તિને પામ્યો હતો. માટે કથા આપણા જીવને શુદ્ધ કરનારી છે.

કથા શ્રવણ કરતા પહેલા સર્વે સંકલ્પોને પડ્યા મેલીને, મહારાજ વક્તામાં રહીને મને જ વાતો કરે છે એવા વિચાર સાથે શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિથી કથાનું શ્રવણ કરવું.

જે વક્તાને ભગવાનનો દ્રઢ નિશ્ચય હોય, ભગવાનના ભક્તોમાં હેત ધરાવતા હોય, રાગ દ્વેષથી પર હોય, ભગવાન અને ભગવાનના સંબંધવાળી વાતો કરતા હોય તેવા વક્તાના મુખથી કથાનું શ્રવણ કરવું જોઈએ.

જે વક્તા ભગવાનથી વિમુખ હોય, હિમત વગરની વાત કરતો હોય, પોતાનું બળ દેખાડતો હોય, કથા શ્રવણ બાદ રાગ-દ્વેષની વૃદ્ધિ થાય, ભગવાન કે ભગવાનના ભક્તનો અવગુણ આવે તેવા વક્તાના મુખથી કથા સાંભળવી ન જોઈએ.

આજના આ ઝડપી અને વ્યસ્ત સમયમાં નિયમિત મંદિરે જઈ સંતોના મુખે કથા શ્રવણ કરવા સમય કાઢવો ઘણો કઠણ છે. આવા વ્યસ્ત સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી કથાનું શ્રવણ કરવું જોઈએ. આજે દરેક વક્તાઓની સી.ડી.ઓ ઉપલબ્ધ છે ત્યારે ઘરમાં, ગાડીમાં કે જ્યારે સમય મળે ત્યારે તેનો ઉપયોગ કરી કથા શ્રવણ કરી લેવું જોઈએ.

કથાનું શ્રવણ માત્ર મનોરંજન માટે નહી પરંતુ સાંભળેલી કથાનું મનન-ચિંતન કરી, તે વાતોને પોતાના જીવન સાથે સરખાવી, અંતરમાં રહેલા દોષોનો ત્યાગ કરવો જોઈએ. એ જ કથા શ્રવણનું સાચુ ફળ છે.

સમાચાર દર્શન

પાટોત્સવ, અમદાવાદ ગુરુકુલ

માગશર સુદિ ચતુર્થી એટલે વચનામૃત પ્રાગટ્ય દિન અને મેમનગર ગુરુકુલ ખાતે બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ. આ પ્રસંગે પાટોત્સવની પૂર્વ સંધ્યાએ શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક માટે એકત્રિત તીર્થજળની જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતો-ભક્તો તથા વિદ્યાર્થીઓ ઉત્સાહથી જળયાત્રામાં જોડાયા હતા. વચનામૃત જયંતિના પ્રાતઃકાળે વૈદિક પરંપરાથી શ્રીઘનશ્યામ મહારાજના પૂજનનો પ્રારંભ થયો હતો. તીર્થજળ, ઔષધિઓનો રસ, ફળોનો રસ, ધાન્ય રસ, કેસરજળ, ચંદન, પુષ્પ પાંખડીઓ દ્વારા થતા અભિષેકનાં દર્શન કરી ભક્તો ભાવવિભોર થાય છે.

દર વર્ષની જેમ આજનો અન્નકૂટ અમદાવાદમાં નિવાસ કરતા ચારસો ઉપરાંત પરિવારોના બહેનો ઘરેથી વિવિધ પકવાનો તૈયાર કરીને લઈ આવ્યાં હતાં તેનો સજાવાયો હતો. આ વિશાળ અન્નકૂટના પ્રસાદને સ્વયંસેવકોએ અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ તથા દરિદ્રનારાયણ સુધી પહોંચાડ્યો હતો. અભિષેક બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવણી સ્વરૂપ 'વચનામૃત' ગ્રંથનું પૂજનનું કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી તથા અન્ય સંતો-ભક્તોએ ભાવપૂર્વક વચનામૃત ગ્રંથનું પૂજન કર્યું હતું. સાથે સાથે પૂજ્ય સ્વામીજીએ વચનામૃતના આધારે ખૂબ જ મનનીય અને પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. ઉપરાંત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ પણ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

પાટોત્સવ, રીબડા ગુરુકુલ

ગીતા જયંતીના પવિત્ર દિવસે રીબડા-રાજકોટ ગુરુકુલમાં પ્રાર્થના મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો દ્વિતીય પાટોત્સવ અનેકવિધ આયોજનો સાથે ધામધૂમથી ઉજવાયો. શ્રીઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે વિવિધ તીર્થોનાં તીર્થજળ, ઔષધિજળ, ધાન્યજળ, ફળોના રસ વગેરે દ્વારા શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજકોટ તેમજ આજુબાજુના ગામો ગુંદાસરા, રીબ, પીપળિયા, ખાંભા, માખાવડ, મવડી, વાવડી, ઢોલરા વગેરે ગામોના બહેનોએ પવિત્રપણે બનાવી લાવેલ વાનગીઓનો અન્નકૂટ ધરાવ્યો હતો.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ અન્નકૂટની આરતી કરી ગીતાજીના મહિમાનું ગાન કર્યું હતું. આચાર્ય શ્રી રામપ્રિયજી, ચિંતનભાઈ વગેરે આચાર્યોએ વૈદિક વિધિ સાથે સાથે પાટોત્સવ સંપન્ન થયો હતો. અન્નકૂટનો પ્રસાદ દરિદ્રનારાયણને વહેચવામાં આવ્યો હતો.

પવિત્ર ધનુર્માસમાં અનુપમ અવસર..

ઘરે બેઠા સદ્‌ભાગી બનીએ...

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ

વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), અમદાવાદ દ્વારા આયોજિત

નિત્ય વિષ્ણુયાગ ગૌપૂજન તથા

બ્રહ્મભોજન

જન્મ દિવસ, લગ્ન દિવસ વગેરે શુભ પ્રસંગે તથા

અક્ષર નિવાસી આત્માની સ્મૃતિમાં

ઘરે બેઠા આ આયોજનમાં સહભાગી થઈ શકાય છે.

સંપર્ક : સાધુ ગુણસાગરદાસ મો. ૯૨૬૫૯૫૬૭૧૩

સાધુ મુક્તસ્વરૂપદાસ મો. ૯૦૬૯૦૬૨૫૫૬

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ, શ્રી નિરંજનભાઈ ભીખાભાઈ પટેલ :- ગામ આંકલાવના પ.ભ. શ્રી નિરંજનભાઈ પટેલ ૧૫ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સવાનાહ ખાતે આ પરિવારની ખૂબ મોટી સેવા રહી છે. ખાસ કરીને નિરંજનભાઈના ભાઈ ગૌતમભાઈની સેવા અજોડ છે. ભગવાન શ્રીહરિ નિરંજભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા ભાઈઓ જગદીશભાઈ, ગૌતમભાઈ તથા સુપુત્ર તારકભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ, શ્રી પરશોત્તમભાઈ છત્રોલા :- ગામ લીંબડી નિવાસી પ.ભ. શ્રી પરશોત્તમભાઈ છત્રોલા ૧૮ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ સમસ્ત પરિવાર ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ પરશોત્તમભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ચત્રભુજભાઈ વગેરે સમસ્ત પરિવારને સાંત્વના આપે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ છગનભાઈ ખોખાણી : ગામ કાંસા નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક તથા ભગવાન શ્રીહરિ અને સંતોના કૃપાપાત્ર ઘનશ્યામભાઈ ખોખાણી ૨ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ઘનશ્યામભાઈને ભગવાન શ્રીહરિ અને સંતો પ્રત્યેની નિષ્ઠા અજોડ હતા. ભગવાન શ્રીહરિ ઘનશ્યામભાઈના પવિત્ર આત્માને પોતાના સાંનિધ્યનું અચળ સુખ અર્પે તથા સર્વ પરિવારને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ ભીખાભાઈ બવાડિયા : ગામ જરગલી, હાલ સુરત નિવાસી તેમજ શ્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો પરમ કૃપાપાત્ર ઘનશ્યામભાઈ બવાડિયા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ અને સંતો પ્રત્યે સેવા-સમર્પણ અને નિષ્ઠાથી ભરેલા ઘનશ્યામભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના ચરણોનું સાંનિધ્ય અર્પે તથા સુપુત્ર હિરેન તથા ભાઈઓ શિવાભાઈ, કાળુભાઈ જીણાભાઈ વગેરે સમસ્ત પરિવારને ધીરજ અર્પે તથા સત્સંગ-સેવા કરવાનું બળ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ગંગાબેન બાલુભાઈ ખૂંટ :- નાઘેર પ્રદેશ ઉના તાલુકાના જરગલી ગામના નિવાસી પરમ ભગવદીય શ્રી બાલુભાઈ દેવરાજભાઈ ખૂંટના ધર્મ પત્ની ગંગાબેન તારીખ ૧૬ ડિસેમ્બરના રોજ શ્રીજી સ્મરણ સાથે અક્ષર નિવાસી થયા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ મુક્તાત્માને પોતાના શરણમાં રાખીને નિજ સેવાનું સુખ આપે એવી પ્રાર્થના કરીએ છીએ. આ સમસ્ત પરિવાર ગુરુકુલ સાથે ખૂબ નિષ્ઠાથી જોડાયેલો છે. અક્ષરવાસી ગંગાબેનના સુપુત્રો શિવલાલભાઈ, કાંતિભાઈ, ઘનશ્યામભાઈ, સવજીભાઈ વગેરેને ભગવાન શ્રીહરિ ધીરજ આપે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

શ્રી સુષ્માબેન પ્રવિણભાઈ રાબડિયા, પર્થ-ઓસ્ટ્રેલિયા
પ.ભ. શ્રી જગદિશભાઈ ધનજીભાઈ હિરાણી, સુખપર
પ.ભ. શ્રી અક્ષર વિવેકભાઈ શેઠ, વાશી-નવીમુંબઈ
પ.ભ. શ્રી ચિરાગ ભીખાભાઈ ઠાકર, અમદાવાદ
પ.ભ. શ્રી રવજીભાઈ તુલશીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રવિણભાઈ નારણભાઈ પટેલ, ગોંડલ
પ.ભ. શ્રી પ્રણિત વિનિતભાઈ પટેલ
હ.કાંતિભાઈ લાલજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મિનેષ તથા દિપેશ કાનજીભાઈ જાદવાભાઈ
હિરાણી, સુરેન્દ્રનગર
પ.ભ. શ્રી ચિતન કમલેશભાઈ ગોહેલ, ઓમાન
પ.ભ. શ્રી પ્રકાશભાઈ દવે, દુબઈ
પ.ભ. શ્રી રક્ષિત ભરતભાઈ પટેલ, સુરેન્દ્રનગર
પ.ભ. શ્રી જેનીલભાઈ ગોડલિયા, સુરત
પ.ભ. શ્રી રામપ્રીયજી, એસજીવીપી
પ.ભ. શ્રી અક્ષત રાજુભાઈ કનોજીયા, કેશોદ
પ.ભ. શ્રી ડો. રશિકભાઈ છગનભાઈ ગઢકર, અમદાવાદ
અ. નિ. કળવીબા, હ. વિપુલભાઈ ગજેરા, અંકલેશ્વર
પ.ભ. શ્રી કિશોરભાઈ વેકરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી અભયભાઈ પટેલ
શ્રી વૃશાંકીબેન ભાવેશભાઈ નિમ્બાર્ક, અમદાવાદ

આગામી આયોજન

તા. ૧૧/૦૧/૨૨, મંગળવાર : **શ્રીહરી જયંતી :** નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૭:૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૩/૦૧/૨૨, ગુરુવાર : **પુત્રદા એકાદશી**
તા. ૧૪/૦૧/૨૨, શુક્રવાર : **ધનુર્માસ સમાપ્ત, મકરસંક્રાંતિ :** કથા પૂર્ણાહૂતિ તથા ગૌપૂજન, સવારે : ૯:૩૦ કલાકે અમદાવાદ ગુરુકુલ.
તા. ૨૮/૦૧/૨૨, શુક્રવાર : **ષટ્તિલા એકાદશી**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર

શ્રી ધર્મજીવન ગાથા

ભાગ ૧ થી ૫

વિમોચન : ૬ માર્ચ, ૨૦૨૨ રવિવાર

પ્રકાશક : SGVP દર્શનમ્ પ્રકાશન



ઐતિહાસિક જીવનગાથાનું વહેલી તકે
બુકીંગ કરીએ તથા અન્યને પ્રેરણા આપી કરાવીએ.
ગુરુદેવનું જીવન પ્રેરણાદાઈ હોઈ સંબંધી, મિત્રો
તથા અન્ય જિજ્ઞાસુઓ સુધી પહોંચે એવા પ્રયત્નો કરીએ.
ઓનલાઈન બુકીંગ કરનારને
ગ્રંથ પ્રાપ્ત કરાવવા પ્રાધાન્ય આપવામાં આવશે.

- ગુરુદેવના કૃપાપાત્ર શિષ્ય પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની રોચક કલમે સાત વર્ષના પુરુષાર્થ પછી તૈયાર થયેલો અણમૂલો ગ્રંથ.
- જેવું ગુરુદેવનું જીવન-કાર્ય એવો જ વિશાળ અને પ્રેરણાદાયી ગ્રંથ.
- કુલ પાંચ ભાગ અને આશરે ત્રણ હજાર પેજમાં કંડારાયેલો ગ્રંથ.
- પૂજ્ય ગુરુદેવના જીવન તથા ગુરુકુલના ઈતિહાસ માટે એન્સાઇક્લોપેડિયા સમાન ગ્રંથ.

પાંચ ભાગમાં પ્રકાશિત થનારા ગ્રંથની પડતર કિંમત રૂ. ૩૦૦૦

આર્થિક સહયોગ પ્રાપ્ત થતા વેચાણ કિંમત ફક્ત રૂ. ૧૨૦૦

સંપર્ક

સાધુ મુક્તસ્વરૂપદાસ મો. ૯૦૯૯૦૯૨૫૫૬ સાધુ ગુણસાગરદાસ મો. ૯૨૬૫૯૫૬૭૧૩

એડવાન્સ બુકીંગ શરૂ

નીચે આપેલ લીંક ઓપન કરી અથવા બાજુમાં આપેલ
QR કોર્ડ મોબાઈલથી સ્કેન કરી ફોર્મ ભરી શકાય છે.
https://forms.gle/fy2n4jUR1PqESjVf8

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.



અમદાવાદ ગુરુકુલ ખાતે બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજના ૨૬મા પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટનાં દર્શન.
આ પ્રસંગે યોજાયેલ જળયાત્રા તથા વચનામૃત જયંતીના પ્રસંગે ગ્રંથરાજનું પૂજન તથા કથાશ્રવણ કરાવતા સદ્‌ગુરુ સંતો

સહજાનંદ વીલા, અમદાવાદ ખાતે આયોજિત શ્રી ધર્મજીવન વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat.

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-